ગાંધીનગર સમાચાર

**જિલ્લામાં વરસાદ વિલંબથી વાવેતર વિસ્તાર ઘટ્યો**

# શહેરમાં મેઘરાજાની શાનદાર પધરામણી







## ગાંધીનગર શહેર અને તાલુકામાં ૧૫ મિ.મિ. વરસાદ નોંધાયો : વરસાદના આગમને જ વાતાવરણમાં પલ્ટો : ચોમાસુ વધાવવા નગરજનો ભારે ઉત્સાહી બન્યા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેર અને તાલુકમાં આજે દિવસભરના ભારે ઉકળાટ બાદ સાંજે અર્ધા કલાકમાં ૧૫ મિ.મિ. જેટલો વરસાદ નોંધાતા વાતાવરણમાં ભારે બદલાવ આવ્યો હતો.

ગાંધીનગરમાં આજે થયેલા વરસાદને પગલે જ ચોમાસાનો વિધિવત્ આરંભ થયો હોવાનું ખગોળ વિજ્ઞાનીઓનું માનવું છે. હવે આ ચોમાસુ ધીમે ધીમે જામશે.

આજે સાંજે પાંચ વાગ્યાના સુમારે હલકી પવનની લહેરખીઓ સાથે આરંભાયેલા વરસાદને કારણે સમગ્ર શહેરમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો હતો. ઘણા બધા નગરજનો તો પરિવાર સાથે માર્ગ પર આવી શરૂ થયેલી વરસાદી ફરફરની મઝા લઈ વરસાદ વધાવતા નજરે પડ્યા હતા. વરસાદી ઝાપટાને પગલે શહેરના કેટલાક વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા. ૨૦ મિનિટ સુધી સતત એકધારો સારો વરસાદ થતાં જ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો.

વરસાદી મોસમને કારણે ભજીયા અને ચા ની જયાફતો પણ જામેલી જોવા મળી હતી.

ગાંધીનગર તાલુકામાં આ સિઝનનો અત્યાર સુધીમાં ૩૫ મિ.મિ. જેટલો વરસાદ થવાના અહેવાલો છે.

આજે દિવસભર ભારે ઉકળાટ અને બફારો નગરજનોએ અનુભવ્યો હતો. ૧૫ દિવસ કરતાં પણ વધુ મોડુ ચોમાસુ બેઠુ હોવાથી ખેતીના કામ પર પણ વિપરીત અસરો પડેલી જોવા મળી છે. પાણીના ભરાયેલા ખાબોચિયા મોડી સાંજ સુધીમાં સુકાઈ ગયા હતા પરંતુ તેના કારણે વાતાવરણમાં ઠંડક અને જનજીવનમાં જુદી જ તાજગીનો અનુભવ જોવા મળ્યો હતો.



ટ્રીમીંગ - ચોમાસાના આગમનને પગલે નમી પડેલા અને સૂકાઈ ગયેલા વૃક્ષોનું ટ્રીમીંગ આરંભાયું હતું. શહેરના મુખ્ય માર્ગો પર વન વિભાગ દ્વારા ક્રમબદ્ધ રીતે ટ્રીમીંગ કરાયું હતું....

# જિલ્લામાં ૩૪.૩૬ કરોડના ખર્ચે ૬૧ માર્ગો સુધારાશે

### મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત માર્ગ સુધારણાના કામોની ઝડપથી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવા માટે પણ તંત્રને કરાયેલી તાકીદ

ગાંધીનગર, તા. ૩

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં રૂ. ૩૪.૩૬ કરોડના કુલ ૬૧ માર્ગના કામો રાજ્ય સરકારે મંજૂર કર્યા છે.

રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં આંતર માળખાકીય સુવિધાઓના સુદઢીકરણ માટે સરકારે પહેલીવાર બજેટમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત રૂ. ૨૫૦૦ કરોડની મોટી જોગવાઈ કરી હતી. આ અંગે વિવિધ જિલ્લાઓમાંથી આવેલી દરખાસ્તોને ધ્યાને લેતાં સરકારે ચાર ઝોન પાડી રૂ. ત્રણ હજાર કરોડથી પણ વધુ રકમના માર્ગોની દરખાસ્તને મંજૂરી આપી હોવાની જાહેરાત માર્ગ-મકાન મંત્રી નીતિન પટેલે તાજેતરમાં કરી હતી.

માર્ગ-મકાન વિભાગ સાથે સંકળાયેલ સૂત્રોના જણાવ્યાનુસાર ગાંધીનગર જિલ્લા માટે રૂ. ૩૪.૩૬ કરોડની ફાળવણી સાથે ૬૧ માર્ગોના આધુનિકરણની સાથે સાથે નવા માર્ગો બનાવવાની દરખાસ્તનો પણ સમાવેશ થાય છે.

વિધાનસભા મત વિસ્તાર દીઠ જોઈએ તો ગાંધીનગર(ઉ) માટે રૂ. ૩.૪૮ કરોડના ખર્ચે ત્રણ માર્ગની દરખાસ્ત મંજૂર કરવામાં આવી છે. તો ગાંધીનગર(દ)માટે રૂ. ૧૧.૫૩ કરોડના ખર્ચે ૨૨ માર્ગોની દરખાસ્ત મંજૂર કરાઈ છે. માણસા માટે રૂ. ૬.૯૮ કરોડના ખર્ચે ૧૪ માર્ગોની દરખાસ્ત મંજૂર કરવામાં આવી છે. દહેગામમાં રૂ.૫.૮૧ કરોડના ખર્ચ સાથે ૧૨ માર્ગોની અને કલોલમાં રૂ. ૬.૫૬ કરોડના ખર્ચે ૧૦ માર્ગોની મંજૂરી આપવામાં આવી છે.

માર્ગ-મકાન વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ માર્ગોના કામ માટે જોબ નંબરની ફાળવણી કરી દેવામાં આવી છે. તેમજ તે માટેની ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવાની સૂચના પણ જે તે કાર્યપાલક ઈજનેરોને આપી દેવામાં આવી છે.

જિલ્લામાં મુખ્ય જિલ્લા માર્ગ પહોળા કરવા તેમજ તેના મજબુતીકરણ, ૭ વર્ષ જુના પ્લાન રસ્તાનું મજબુતીકરણ, હયાત ડામર નોન પ્લાન રસ્તાની સુધારણાના કામો ને જ મંજૂરી આપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ૩૩ માર્ગો એવા છે હયાત ડામર નોન પ્લાન રસ્તાની સુધારણા માટેના મંજૂર થયા છે. જેમાં ગાંધીનગર(દ)ના ૧૨, ગાંધીનગર(ઉ)ના ૧, માણસાના ૯, કલોલના ૮ અને દહેગામના ૩ રસ્તાના કામોનો સમાવેશ થાય છે.

ગાંધીનગર જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારના માર્ગોના કામના મજબુતીકરણ તેમજ હયાત ડામરના રસ્તાઓ નોન પ્લાન હેઠળ સુધારણામાં આવરી લેવાતાં વાહન-વ્યવહાર સરળ થશે. જો કે જિલ્લાના દહેગામ, કલોલ અને માણસાના ઘણા બધા અંતરિયાળ ગામો રહી જવાની ફરિયાદો ઉઠવા પામી છે.

# જિલ્લામાં વરસાદ વિલંબથી વાવેતર વિસ્તાર ઘટ્યો

### માણસા-ગાંધીનગરમાં ૫૦ મિ.મિ. જેટલો વરસાદ હજુ નોંધાયો છે તો દહેગામ-કલોલમાં ઘણો ઓછો વરસાદ : ૧ પખવાડિયુ ચોમાસુ મોડુ શરૂ થતાં ખેતીની કામગીરી પર ભારે અસરો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેર અને જિલ્લામાં વરસાદ ખેંચાતાં ગત વર્ષની તુલનામાં આ સમયગાળા દરમ્યાન થયેલા વાવેતરમાં ૧૦ હજાર હેક્ટર કરતાં પણ ઓછુ વાવેતર થયું છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૯ હજાર હેક્ટર વિસ્તારમાં જ વાવેતર થયું છે.

જિલ્લામાં વરસાદ ખેંચાતાં ઉભી થયેલી પરિસ્થિતિને ધ્યાને રાખી તંત્રએ આકસ્મિક પાક આયોજન પણ તૈયાર કરી દીધુ છે. જો કે આજથી ચોમાસાનો વિધિવત આરંભ થયો છે જે તેના નિયત સમય કરતાં એક પખવાડિયા જેટલો મોડો છે.

જિલ્લામાં આ વખતે કપાસનું વાવેતર ઘટશે તે હવે સ્પષ્ટ થઈ ચુક્યુ છે. કપાસ માટે વાવણી લાયક સમયગાળો આમ તો ૧૫ જુલાઈ સુધીનો ગણાય છે અને આગામી પખવાડિયામાં કેટલો વરસાદ થાય છે તેના પર અવલંબિત છે. જો કે આ ઘટાડો મોટો નહિ પણ ત્રણેક હજાર હેક્ટરનો હશે તેમ ખેડૂતો સાથેની વાતચીતમાંથી મળેલા અંદાજોથી માનવું છે.

જિલ્લામાં કઠોળનું વાવેતર સારૂ થશે તેમ મનાઈ રહ્યું છે. આ ઉપરાંત મગફળીનું વાવેતર પણ વધશે તેવા અંદાજો છે. માણસા, ગાંધીનગર સહિતના વિસ્તારોમાં આ વાવેતર વધુ જોવા મળી રહ્યું છે.

જિલ્લામાં ફેર રોપણીના પાકોનું વાવેતર પણ આ ખરીફ સિઝનમાં વધારે થશે તેવુ મનાઈ રહ્યું છે. વરિયાળી, તમાકુ અને ટામેટાના પાકોનું સારૂ વાવેતર થશે તેમ મનાય છે. આ ઉપરાંત દિવેલાનું વાવેતર પણ આ સિઝનમાં વધારે થાય તેવુ ખેડૂત આગેવાનોનું માનવું છે.

વરસાદ જે એક પખવાડિયા જેટલો ખેંચાઈ ગયો છે તેને લઈ ઘાસચારો (જુવાર)નું વાવેતર સારૂ થશે તેમ મનાઈ રહ્યુ છે. જેથી આગામી દિવસોમાં પશુધન માટે તકલીફ ના પડે તેવુ ખેડૂતોનું માનવું છે.

જિલ્લામાં હજુ વાવણીલાયક વરસાદ થયો નથી. ગાંધીનગર અને માણસામાં ૫૦ મિ.મિ.ની આસપાસ વરસાદ નોંધાયો છે. કલોલ અને દહેગામમાં આ વખતે વરસાદ પ્રમાણમાં ઘણો ઓછો પડ્યો છે. જો કે ત્યાં વાવેતરની કામગીરી શરૂ થઈ ગઈ છે.

ખેડૂતોનું માનવુ છે કે પાછોતરો વરસાદ સારો થશે અને શાકભાજીના પાકો તેમજ વેલાવાળા પાકોનું પણ વાવેતર વધશે.





મહાનગર ભાજપ - ગાંધીનગર મહાનગર ભારતીય પાર્ટીની નવરચિત કારોબારી સમિતિની પ્રથમ બેઠક રવિવારે સ્ટાફ ટ્રેનીંગ કૉલેજ ખાતે યોજાઈ હતી... ભારતીય જનતા પાર્ટીની રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની સિદ્ધિઓને અભિનંદન પાઠવતો ઠરાવ સર્વાનુમતે પસાર કરાયો હતો... સાથો સાથ સરકારની સિદ્ધિઓને પ્રજા સુધી પહોંચાડવાની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરાઈ હતી... આગામી કાર્યક્રમો અને સંગઠનના પ્રકલ્પો સંદર્ભે વિસ્તૃત માર્ગદર્શન અપાયું હતું...

# ગાંધીનગર રોટરી ક્લબના પ્રમુખ પદે જાણીતા ઉદ્યોગપતિ એન.પી. પટેલ

### સેક્રેટરી તરીકે ડો. દિપક બારોટ નિમાયા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર રોટરી ક્લબના પ્રમુખપદે જાણીતા ઉદ્યોગપતિ અને કલાગુર્જરીના પ્રમુખ એન.પી. પટેલની વરણી કરવામાં આવી છે. શહેરમાં સેવાભાવી પ્રવૃત્તિઓમાં મોખરે રહેલી સંસ્થા અને વ્યક્તિ બંનેનો અનોખો સંયોગ રચાયો છે. ગાંધીનગર રોટરી ક્લબે તેની સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા ગાંધીનગર શહેરના જનજીવન પર એક નવી ભાત ઉપસાવી છે. જ્યારે એન.પી.ના હુલામણા નામથી ઓળખાતા નારણભાઈ પ્રાગજીદાસ પટેલ સેવાધારી વ્રત સાથે સતત કાર્યરત રહે છે. કલાગુર્જરી, કચ્છ-સૌરાષ્ટ્ર સેવા સમાજ, રામવાડી, પ્રાગજીબાપુ ચેરીટેબલ ટ્રસ્ટ જેવી અનેક સંસ્થાઓમાં એન.પી. પટેલ હંમેશા અગ્રેસર રહે છે. ગોદડીયા પરંપરાના સંત પ્રાગદાસ બાપુના પનોતાપુત્ર નારણભાઈ પટેલે અન્નક્ષેત્રની જ્યોત જલતી રાખી છે અને ગોદડિયા પરંપરાના વ્રત-નિયમોને વિસ્તારી રહ્યા છે. રાજ્યના સીડ્સ ફેડરેશન તથા નેશનલ સીડ્સ પ્રોડ્યુસરના વિવિધ હોદ્દાઓ પર એન.પી.



નોંધપાત્ર ભૂમિકાઓ ભજવી રહ્યા છે.

સેક્રેટરીપદે નિમાયેલા ડૉ. દિપક બારોટ પણ ખુબ ઉત્સાહી રોટેરીયન છે. તેમની અવનવી કામગીરીથી રાજ્યકક્ષા અને રાષ્ટ્રીયકક્ષાએ પણ સંસ્થાએ નામના મેળવી છે. વિદાય લેતા પ્રમુખ રોટે. એચ.એમ. પટેલ અને આસી. ડીસ્ટ્રીક્ટ ગર્વનર સમીર ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર રોટરી ક્લબ આ વર્ષે રોટરીના સંકલ્પોને સાકાર કરશે.

CENTRAL UNIVERSITY OF GUJARAT
Sector-29, Gandhinagar-382030
ADMISSIONS to B. Voc. PROGRAMME
CUG Notification No. 12 Date : 02/07/2016
Last date for admissions to Bachelor of Vocation (B.Voc.) Programme has been extended till 30th July 2016. The course aims to equip the students with knowledge and skills for employment. For details visit : www.cug.ac.in
Registrar

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ચી 93 761 80003 93 288 9 3535 89 80 10 1515

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com